# જે કે પેપરે રાજ્ય સરકાર સાથે ₹1,500 કરોડના MoU કર્યા

ઇટી બ્યૂરો
અમદાવાદ

દક્ષિણ ગુજરાતના તાપી જિલ્લાના આદિજાતિ વિસ્તાર સોનગઢમાં કંપનીના પ્લાન્ટનું આધુનિકીકરણ અને વિસ્તરણ માટે જે કે પેપરે રાજ્ય સરકાર સાથે ₹૧,૫૦૦ કરોડના એમઓયુ કર્યા હતા. આ વિસ્તરણ પ્રોજેક્ટને પગલે ૧,૦૦૦ આદિવાસી યુવાઓને રોજગારી મળશે અને કંપની ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં પ્લાન્ટ કાર્યરત કરશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં જે કે પેપર લિમિટેડે ગુજરાત સરકાર સાથે એમઓયુ કર્યા હતા. કંપનીનો યુનિટ હાલ ૨,૨૦૦ સ્થાનિક યુવાઓને કાયમી રોજગારી પ્રદાન કરે. હવે પ્લાન્ટના વિસ્તરણના લીધે બીજા ૧,૦૦૦ સ્થાનિક યુવાનોને રોજગારી પ્રાપ્ત થશે. આ ઉપરાંત આદિજાતિ ખેડૂતો કંપનીને પેપર ઉત્પાદન માટે કાચો સામાન પણ સપ્લાય કરી શકશે. અંદાજે ૧૦ હજાર વનવાસી કિસાનોને તેનાથી આર્થિક ફાયદો થશે. આ પ્લાન્ટની ડિઝાઇન પર્યાવરણને અનુકૂળ તેમજ પ્લાન્ટની કાર્બન ફૂટપ્રિન્ટ ન્યુનતમ હોય તે માટે વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે. એટલું જ નહીં, પ્લાન્ટમાંથી નીકળતું ગંદુ પાણી ટ્રીટ કરીને તેને ફરી ખેતીના ઉપયોગમાં લેવામાં આવશે. કંપની દ્વારા કાચા માલની પ્રાપ્તિ માટે જેટલાં વૃક્ષ વાવવામાં આવશે તેનાથી વધુ વૃક્ષ પર્યાવરણના સંવર્ધન માટે પણ વાવવામાં આવશે.

પ્લાન્ટની પલ્પ પ્રોસેસિંગ ક્ષમતા ૬૦,૦૦૦ ટીપીએથી વધીને ૧.૬૦ લાખ ટીપીએ થશે. વિસ્તરણ પામનારા નવા પ્લાન્ટમાં ડુપ્લેક્ષ-કોટેડ બોર્ડ પેપરના ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર હર્ષપતિ સિંઘાનિયાએ જણાવ્યું હતું કે, "ગુજરાત સરકારની સાતત્યપૂર્ણ ઉદ્યોગ નીતિઓ તેમજ સ્થિર સુશાસનના પરિણામે અનેક ઉદ્યોગો આજે ગુજરાતમાં કારોબારને વિસ્તારવા આતુર બન્યા છે." આ સમજૂતી કરાર પ્રસંગે ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્રસચિવ એમ કે દાસ, ઉદ્યોગ કમિશનર મમતા વર્મા અને ઇન્ડેક્ષ્ટ-બીના મેનેજિંગ ડિરેક્ટર આરકે બેનીવાલ ઉપસ્થિત રહ્યા હતા.